PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
**CIN: U40102GJ2003SGC042908;**
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૧૯૦-૧ તારીખ : ૧૯ - ૦૧ - ૨૦૨૪

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી રસીલાબેન જી. મણવર
બી -૫૦૪, આદર્શ ડ્રીમ-૧, અંબિકા ટાઉનશીપ, જીવરાજ પાર્ક ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૯૯૨૫૨૨૬૨૩૫, ૯૪૨૯૫૬૨૦૫૦

વિષય : વીજબીલ વધુ આવવા બાબત .

સંદર્ભે: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૧-૧૨-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૩/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જી. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૩/ક્વા-૩/૨૩-૨૪/૧૭૦-૧** તા. ૧૭-૦૧-૨૦૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૩/ક્વા-૩/૨૩-૨૪ તા.૦૬-૧૨-૨૦૨૩

અરજદાર : રસીલાબેન જી. મણવર, ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદારના પ્રતિનિધિ શ્રી ગોરધનભાઈ નાથાભાઈ મણવર

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – ગ્રામ્ય રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી - શહેર-૩ રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૪.૦૧.૨૦૨૪ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૧.૨૦૨૪ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૧ અરજદારશ્રી રસીલાબેન જી. મણવર ગ્રાહક નં.૩૦૬૦૮/૪૨૦૫૩/૦ થી મવડી રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ૦૨ (બે) કી.વો.નુ ઘરવપરાશનુ વીજજોડાણ ધરાવે છે. અરજદારને સંલગ્ન કચેરીના પત્ર નં.૧૩૩૦૧ તા.૨૮.૧૧.૨૦૨૩ થી જણાવેલ કે સદર વીજજોડાણનું મીટર બદલાવેલ અને લેબરીપોર્ટ મુજબ બીલ પેટે રૂ.૬૨૮૦૧=૧૬ ભરવાપાત્ર થાય છે. અરજદારના વપરાશ મુજબ જ વીજબીલ આવતું હોય, તેઓ નિયમિત વીજબીલ ભરતા હોય સદર વીજબીલ રદ કરવા અને યોગ્ય કાર્યવાહી કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં-૫૩૬૧ તા.૩૦.૧૨.૨૦૨૩ મુજબ રસીલાબેન ગોરધનભાઈ મણવર ગ્રાહક નંબર-૩૦૬૦૮/૪૨૦૫૩/૦ થી ૦૨ કીવોનું સિંગલ ફેઈઝ **RGPU**

ટેરીફનું વીજજોડાણ મવડીરોડ પેટાવિભાગીય કચેરી હેઠળ આદર્શ ડ્રીમ -૦૧, ફ્લેટ બી-૫૦૪, અંબિકા ટાઉનશીપમાં ધરાવે છે.

૩.૧ સદર વિજજોડાણમાં માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૩ ના બિલિંગ દરમ્યાન મીટરમાં રીડિંગ દેખાતા ન હોવાથી મીટર રીડર દ્વારા તા.૦૯.૦૫.૨૦૨૩ ના રોજ ફોલ્ટી મીટરનુ ૩૦૦ યુનિટનું એવરેજ બિલ આપવામાં આવેલ.

૩.૨ ત્યારબાદ તા.૨૬.૦૫.૨૦૨૩ ના રોજ અરજદારનું સદર મીટર પર્ફોમાં-૧૫ નં -૮૯૪૦૬ થી બદલાવેલ, જેનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચેક કરેલ જેના લેબ રીપોર્ટ મુજબ ચેકિંગ મુજબ મીટરના છેલ્લા રીડિંગ ૨૩૪૧૫ દર્શાવેલ છે, જે અનુસંધાને માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૩ ના છેલ્લા રીડીંગ ૧૬૪૯૦ અને લેબરીપોર્ટ મુજબના રીડિંગ ૨૩૪૧૫ ના તફાવત ૬૯૨૫ યુનિટ અરજદારના વપરાશ કરતાં વધુ જણાતા બિલિંગ વિભાગ દ્વારા મીટરનો MRI આપવા માટે તા.૧૧.૧૦.૨૦૨૩ ના રોજ કાર્યાલય નોંધ મુકવામાં આવેલ જેના પ્રત્યુતરમાં તા.૧૮.૧૦.૨૦૨૩ ની કાર્યાલય નોંધમા જુનિયર ઈજનેરશ્રી દ્વારા સદર મીટર RSO ખાતે સ્ક્રેપમાં જમા કરાવેલ હોય MRI નીકળી શકે તેમ ન હોય લેબ રિપોર્ટ મુજબ તફાવતના ૬૯૨૫ યુનિટના રૂ.૬૨૮૦૧=૧૬ અરજદારનાં ખાતે ડેબિટ કરેલ છે જે અરજદારે [illegible] છે.

::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી રસીલાબેન જી. મણવર ગ્રાહક નં.૩૦૬૦૮/૪૨૦૫૩/૦ થી મવડીરોડ પેટાવિભાગીય કચેરી હેઠળ આદર્શ ડ્રીમ-૦૧, ફ્લેટ બી-૫૦૪, અંબિકા ટાઉનશીપમાં ૦૨ કી.વો.નુ ઘરવપરાશનુ વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારના સદર વિજજોડાણમાં માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૩ ના બિલિંગ દરમ્યાન મીટરમાં રીડિંગ દેખાતા ન હોવાથી તા.૦૯.૦૫.૨૦૨૩ ના રોજ મીટર રીડર દ્વારા ફોલ્ટી મીટરનુ ૩૦૦ યુનિટનું એવરેજ બિલ આપવામાં આવેલ.

૪.3 ત્યારબાદ અરજદારનું સદર મીટર તા.૨૬.૦૫.૨૦૨૩ ના રોજ ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં બદલાવેલ જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.26.05.2023 | New Meter Dt.26.05.2023 | Old Meter-As per MT Lab Dt.26.06.2023 |
|---|---|---|---|
| Make | L & T | EPPELTONE | L & T |
| Meter No | 26097262 | 5366074 | 26097262 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | F | 0 | 23415 |
| Remarks | As per meter replacement sheet Dtd:26-05-23 Connected load is 1055 W and Meter Found ok. | | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અરજદારને તા.૦૫-૦૬-૨૦૨૩, તા.૧૨-૦૬-૨૦૨૩ અને તા.૧૯-૦૬-૨૦૨૩ માંથી કોઈપણ એક તારીખમાં લેબોરેટરીમાં મીટર ચકાસણી માટે હાજર રહેવા જણાવેલ હતું. અરજદાર સદર ત્રણેય તારીખમાં હાજર ન રહેતા પીજીવીસીએલ દ્વારા તા.૨૬-૦૬-૨૦૨૩ એક તરફી L & T કંપનીના મીટર સીરીયલ નં-02609762ને ચેક કરવામાં આવેલ, જેમાં મીટરના છેલ્લા રીડીંગ ૨૩૪૧૫ આવેલ છે, તેમજ મીટર યોગ્ય દર્શાવેલ છે.

૪.૪ અરજદારના સદર વીજજોડાણ ગ્રાહક નં.૩૦૬૦૮/૪૨૦૫૩/૦ માં છેલ્લા ૦૪ વર્ષમાં પી.આર.ટી.-૧૪૫ મુજબ વીજવપરાશની વિગત નીચે મુજબ છે.

| Billing Detail | 2020 | | | 2021 | | | 2022 | | | | 2023 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | CR | S | U | CR | S | U | DATE | CR | S | U | DATE | CR | S | U |
| Jan-Feb | 8927 | | 215 | 11256 | | 244 | 05-03-22 | 14188 | | 401 | 28-02-23 | 16490 | | 269 |
| Mar-Apr | 8927 | N | 330 | 11827 | | 571 | 03-05-22 | 14641 | | 453 | 09-05-23 | 16490 | F | 300 |
| May-Jun | 9805 | | 878 | 12268 | | 441 | 05-07-22 | 15101 | | 460 | 05-07-23 | 285 | C | 300 |
| Jul-Aug | 10313 | | 508 | 12835 | | 567 | 05-09-22 | 15576 | | 475 | 07-09-23 | 740 | | 455 |
| Sep-Oct | 10708 | | 395 | 13375 | | 540 | 01-11-22 | 15931 | | 355 | 06-11-23 | 1195 | | 455 |
| Nov-Dec | 11012 | | 304 | 13787 | | 412 | 28-12-22 | 16221 | | 290 | | | | |
| Average | | | 438 | | | 463 | | | | 406 | | | | 356 |
| Note: CR- Current Reading, S- Status of Meter, U- Unit | | | | | | | | | | | | | | |

૪.૫ પીજીવીસીએલ પક્ષકારના બિલીંગ વિભાગ દ્વારા અરજદારનો વીજવપરાશ એબનોર્મલ જણાતા સવાલવાળા મીટરનો એમ.આર.આઈ. અહેવાલ રજુ કરવા તા.૧૮-૧૦-૨૦૨૩ ની કાર્યાલય નોંધ રજુ કરેલ છે, જેમાં અરજદારના વીજજોડાણ પરનું સદર મીટર આર.એસ.ઓ.માં સ્ક્રેપ માટે મોકલવામાં આવેલ છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર પાસે હાલમાં સદર મીટર ફરીથી પરીક્ષણ કે એમ.આર.આઈ. અહેવાલ લેવા માટે ઉપલબ્ધ નથી.

ત્યારબાદ પીજીવીસીએલની મવડીરોડ પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને લેબપરીક્ષણમાં મળેલ છેલ્લા ૨૩૪૧૫ રીડીંગ તેમજ ફોલ્ટી મીટરમાં જણાયેલ ૧૬૪૯૦ ના તફાવતીય ૬૯૨૫ યુનીટની રકમ રૂ.૬૨૮૦૧.૧૬ ભરપાઈ કરવા માટે પત્ર નં-૧૩૩૦૧ તા.૨૮-૧૧-૨૦૨૩ થી જાણ કરેલ છે.

૪.૬ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ ઈમેઈલ તા.૦૫.૦૧.૨૦૨૪ મુજબ અરજદારના સદર વીજજોડાણના નવા મીટરમાં તા.૦૪-૦૧-૨૦૨૪ ના રોજ હાલના રીડીંગ ૧૪૭૭ Kwh અને મહતમ વીજભાર (BMD) ૧.૫૧ KW નોંધાયેલ છે. આમ, તા.૨૬-૦૫-૨૦૨૩ થી તા.૦૪-૦૧-૨૦૨૪ સુધીના કુલ ૨૨૩ દિવસમાં કુલ રીડીંગ ૧૪૭૭ Kwh નોંધાયેલ છે. તે મુજબ પ્રતિ દિવસ ૬.૬૨ યુનીટ વીજવપરાશ નોંધાયેલ છે.

૪.૭ અરજદારના વીજજોડાણ પરના નવા મીટરનો વીજવપરાશ, હાલની એમ.ડી. તેમજ અરજદારનું મીટર બદલાવતી વખતે અરજદારના વીજસ્થાપન પર રહેલ વીજભારને ધ્યાને લેતા, ૨૪ કલાક સુધી સતત અરજદારનો વીજભાર ૧.૫૧ રહે તો પ્રતિ દીવસ મહતમ ૩૬ યુનીટનો વીજવપરાશ ગણી શકાય.

મીટર રીડર દ્વારા જુના મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ તા.૨૮-૦૨-૨૦૨૩ ના રોજ ૨૬૯ યુનીટ (૧૬૪૯૦-૧૬૨૨૧) નું વીજબીલ આપેલ છે, ત્યારબાદ તા.૦૯-૦૫-૨૩ ના રોજ મીટર રીડર દ્વારા મીટર સ્ટેટ્સ "F" મુજબ સરેરાશ ૩૦૦ યુનીટ (૭૦ દિવસ) નું બીલ અપાયેલ છે. સદર ૭૦ દિવસનો વીજ વપરાશ ૩૬ યુનીટ મુજબ ગણતરી કરતા વધુમાં વધુ ૨૫૨૦ યુનીટનો વીજવપરાશ ગણી શકાય.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ મીટર રીડર દ્વારા તા.૦૯-૦૫-૨૦૨૩ ના રોજ મીટરમાં રીડીંગ આવેલ ન હોવાથી ફોલ્ટી તરીકે વીજબીલ આપેલ છે, ત્યારબાદ તા.૨૬-૦૫-૨૦૨૩ ના રોજ મીટર રીપ્લેસમેન્ટ શીટમાં પણ સદર મીટરના રીડીંગ "F" નોંધાયેલ છે. ત્યારબાદ સદર મીટરના મીટર ટેસ્ટીંગમાં એકતરફી ચકાસણીના રીપોર્ટ તા.૨૬-૦૬-૨૦૨૩ મુજબ મીટરના છેલ્લા રીડીંગ ૨૩૪૧૫ નોંધાયેલ છે, જે સુસંગત જણાયેલ નથી.

૪.૮ નામદાર GERC ના ધારાધોરણ—એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ માં કરાયેલ જોગવાઈ મુજબ "....ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ૦૩ બીલિંગ અવધીના સરેરાશ વીજવપરાશના બીલો ના આધારે ગ્રાહકને બિલ આપવું, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધી દરમ્યાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઇ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ ત્રણ બિલિંગ અવધી માટે વસુલવાપાત્ર થશે પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને /અથવા કબજાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય, કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે."

૪.૯ અરજદારના વીજસ્થાપન પરનું જુનું મીટર તા.૨૮-૦૨-૨૦૨૩ થી તા.૨૬-૦૫-૨૦૨૩ સુધી મીટર ફોલ્ટી છે. આ વિવાદિત સમયગાળા દરમ્યાન માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૩ (તા.૨૮-૦૨-૨૦૨૩ થી તા.૦૮-૦૫-૨૦૨૩) અને માહે મે-જુન-૨૦૨૩ (તા.૦૯-૦૫-૨૦૨૩ થી તા.૦૫-૦૭-૨૦૨૩) એમ કુલ બે(૦૨) બીલો ફોલ્ટી મુજબ અપાયેલ છે, તેમજ માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૩ ના વીજબીલમાં લેબરીપોર્ટ તા.૨૬-૦૬-૨૦૨૩ ના રોજ

રૂ.૬૨૮૦૧=૧૬ ડેબીટ કરેલ છે, જે રદબાતલ કરીને ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ નવા મીટરમાં નોંધાયેલ વીજવપરાશ ધ્યાને રાખીને પ્રતિદિન વીજવપરાશ મુજબ નીચે મુજબ રીવાઈઝ કરવા.

| બિલીંગ માસ | સમયગાળો | કુલ દિવસ | પ્રતિ દિવસ સરેરાશ વીજ વપરાશ (યુનિટ) | કુલ વીજ વપરાશ (યુનિટ) |
|---|---|---|---|---|
| માર્ચ-એપ્રિલ-૨૦૨૩ | તા.૨૮-૦૨-૨૦૨૩ થી તા.૦૯-૦૫-૨૦૨૩ | ૭૦ | ૬.૬૨ | ૪૬૩ |
| મે-જુન-૨૦૨૩ | તા.૦૯-૦૫-૨૦૨૩ થી તા.૨૬-૦૫-૨૦૨૩ | ૧૭ (જુનું મીટર) | ૬.૬૨ | ૧૧૩ |
| | તા.૨૬-૦૫-૨૦૨૩ થી તા.૦૫-૦૭-૨૦૨૩ | ૪૦ (નવું મીટર) | મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ | ૨૮૫ |
| | કુલ | | | ૩૯૮ |

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં ૪.૯ મુજબની વિગતે રીવાઈઝ બીલના રકમની ગણતરી કરીને દિવસ-૦૭ માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ અરજદારને જાણ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Joshi Nitin N.H.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(પી.જે.મહેતા)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫